નિયામક, સમાજ સુરક્ષા ખાતુ
બ્લોક નં. ૧૬, ગ્રાઉન્ડ ફ્લોર,
ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર – ૩૮૨૦૧૦.
ગુજરાત રાજ્ય.
ફોન નં : ૦૭૯ – ૨૩૨ ૫૬૩૦૯
ફેક્સ નં : ૦૭૯ – ૨૩૨ ૫૬૩૦૮
ઈ –મેઈલ : dir-sd@gujarat. gov.in

---

નં.સસુખા/૨૦૧૭-૧૮/ 3૯-૨૦ તા. 3 /૦૪/૨૦૧૭

પરિપત્ર

વિષય : પત્ર વ્યવહારમાં ડી.પી.સેલ શાખાએ પગારબીલમાં ફાળવેલ કોડનંબરનો ઉલ્લેખ કરવા અંગે

ઉપરોક્ત વિષયના અનુસંધાને વિકલાંગ કલ્યાણક્ષેત્રે કાર્યરત ખાતા હસ્તકની ૧૦૦% ગ્રાન્ટ મેળવતી સર્વે સ્વૈ. સંસ્થાઓના માનદમંત્રીશ્રીઓ અને જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓને જણાવવાનું કે, ખાતા હસ્તકની વિકલાંગ કલ્યાણક્ષેત્રે કાર્યરત સંસ્થાઓના પગાર બીલ ડી.પી.સેલ શાખામાં પ્રતિમાસે પાસ થવા આવે છે અને તે મુજબ ડી.પી.સેલ શાખા પગારનું ચૂકવણૂં કરે છે.

ડી.પી.સેલ શાખાએ સર્વે સ્વૈ. સંસ્થાઓને એક નિયત કરેલ સંસ્થાનો કોડ નંબર ફાળવેલ છે. સદરહુ સંસ્થાના કોડ નંબરને સંસ્થાના માનદમંત્રીશ્રીએ સમાજ સુરક્ષા ખાતુ, વડી કચેરી સાથે પત્રવ્યવહાર કરતા સમયે પત્રના જાવક નંબર પહેલા ફરજિયાત રીતે લખવાનો રહેશે.

કોડ નંબર દર્શાવ્યા વિનાની રજૂઆતો ખાતામાં સંસ્થાના માનદમંત્રીશ્રી દ્વારા રજૂ કરવામાં આવશે તે ધ્યાને લેવામાં આવશે નહિ અને ખાતા દ્વારા કરવાની કામગીરી પૂર્ણ થવામાં વિલંબ થશે તો તે અંગે સંસ્થાના માનદમંત્રીશ્રીની જવાબદારી નક્કી કરવામાં આવશે.

નાયબ નિયામક
સમાજ સુરક્ષા ખાતું,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

નકલ રવાના:- (૧) સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓને જાણ અર્થે
(૨) સર્વે વિકલાંગ કલ્યાણક્ષેત્રે કાર્યરત ૧૦૦% ગ્રાન્ટ મેળવતી સ્વૈ.સંસ્થાઓના માનદમંત્રીશ્રીઓને પરિપત્રનો અમલ કરવા અર્થે

તાત્કાલિક

ક્રમાંક: અપગ/૧૦૨૦૧૬/૩૩૮૩૦૫/છ-૧
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૨૯ /૪/૨૦૧૭.

પ્રતિ,
નિયામકશ્રી,
સમાજ સુરક્ષા ખાતુ,
બ્લોક નં-૧૬,ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

**વિષય – સી.સી.સી પરીક્ષા માટે અજમાયશી સમય માટે ડૉ બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટીને પરીક્ષા કેન્દ્ર તરીકે માન્ય ગણવા બાબત.**

**સંદર્ભ – આપની કચેરીનો તા.૩૦/૩/૨૦૧૭નો પત્ર ક્રમાંક સસુખા/અપગ/૨૦૧૬-૧૭/૧૫૬.**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે આજ્ઞાનુસાર જણાવવાનું કે સામાન્ય વહીવટ વિભાગના તા. ૩૦/૯/૨૦૦૬ના જાહેરનામાથી સરકારી કર્મચારી/અધિકારીઓને બઢતી/ઉચ્ચતર પગાર ધોરણ માટે પાસ કરવાની થતી કોમ્પ્યુટર કૌશલ્યની સી.સી.સી/સી.સી.સી + પરીક્ષાના તાલીમ અને પરીક્ષા નિયમો ઘડવામાં આવેલ છે. આ ઠરાવ અમલમાં આવ્યા બાદ દરેક અધિકારી/કર્મચારીએ સરકાર દ્વારા માન્ય કરવામાં આવેલ પરીક્ષા કેન્દ્રો પરથી નિયત કરાયેલ પરીક્ષા પાસ કરવાની રહે છે. આ પરીક્ષા પાસ કરવા સંદર્ભે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા તા. ૨/૧/૨૦૦૯ અને તા. ૨૨/૬/૨૦૧૦ના ઠરાવથી ડૉ બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટીના કોમ્પ્યુટર કૌશલ્યની તાલીમ અને પરીક્ષા કેન્દ્રોને માન્યતા આપવામાં આવેલ છે. આથી તે પહેલાં ડો બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સીટીના કેન્દ્રોમાંથી સી.સી.સી પરીક્ષા પાસ કરેલ હોય તો તે માન્ય ન ગણાય. પરંતુ ઉક્ત ઠરાવ અમલમાં આવ્યા બાદ તેમાં નિર્દિષ્ટ પરીક્ષા કેન્દ્રો પરથી તા. ૩૦/૯/૨૦૦૬ના જાહેરનામા/ઠરાવથી નિયત કરાયેલ અભ્યાસક્રમ/કાર્યપદ્ધતિ મુજબ સીસીસી/સીસીસી+ની પરીક્ષા પાસ કરેલ હોય તો તે પ્રમાણપત્રને બઢતી /ઉચ્ચતર પગાર ધોરણ/પસંદગી બાદ સરકારની ખાતાકીય તાલીમના ભાગરૂપે અને /અથવા અજમાયશી સમય ગાળા દરમ્યાન નિયમિત નિમણુંક પગાર ધોરણ માટે માન્ય ગણવાના રહે છે. અને તે અંગેની ખરાઇ આપની કક્ષાએથી કરીને આ પ્રકારના કેસોમાં આપની સક્ષમતામાં નિર્ણય લેવાની કાર્યવાહી કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(સહી)

(મહેન્દ્ર ચૌહાણ)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

નકલ રવાના પ્રતિ,
-સેક્શન અધિકારી, છ- શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
-સિલેક્ટ ફાઇલ

સસુખા/અપગ/૩૯૮૯
નિયામક,સમાજ સુરક્ષા ખાતાની કચેરી,
ગુજરાત રાજ્ય,ડૉ. જીવરાજ મહેતા ભવન,
બ્લોક-૧૬, જુના સચિવાલય, ગાંધીનગર
તા ૩/૫/૧૭

પ્રતિ,
(૧) સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીઓને જાણ સારું
(૨) વિકલાંગ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત સર્વે સ્વૈચ્છિક સંસ્થાના
માન્ય કર્મચારીઓને જાણ સારું

(સહી)
નાયબ નિયામક
સમાજ સુરક્ષા ખાતુ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર